# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● કેવલજ્ઞાનાદિ અનંતગુણમયી આત્માકો છોડકર દૂસરી વસ્તુ જ્ઞાનિયોંકે મનમેં નહીં રુચતી, ઉસકા દૃષ્ટાંત યહ હૈ કિ જિસને મરકતમણિ જાન લિયા, ઉસકો કાંચકે ટુકડોંકી ક્યા જરૂરત હૈ ? ઉસી તરહ જિસકા ચિત્ત આત્મામેં લગ ગયા, ઉસકે દૂસરે પદાર્થોંકી વાંછા નહીં રહતી. ૧૫૪૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા-૭૮)

● મને ઈષ્ટ પદાર્થોનો વિયોગ ન થઈ જાય તથા અનિષ્ટ પદાર્થોનો સંયોગ ન થઈ જાય એવા પ્રકારથી આ જન્મમાં આક્રંદ કરવાને આલોકભય કહે છે, તથા ન જાણે આ ધન સ્થિર રહેશે કે નહિ, દેવયોગથી કદાચિત્ દારિદ્રતા પ્રાપ્ત ન થઈ જાય ઈત્યાદિક માનસિક વ્યથારૂપ ચિંતા મિથ્યાદૃષ્ટિઓને બાળવા માટે સદાય સળગતી જ રહે છે. ૧૫૪૫. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથ-૫૦૭)

● જે ભવ્યે પોતાના આત્માને કલંક રહિત (નિર્દોષ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નોનો પટારો બનાવ્યો છે તેને ત્રણલોકમાં સ્વયંવર વિધાનથી પતિ તરીકે વરવાની ઈચ્છા રાખનારી સ્ત્રીની જેમ સર્વ અર્થોની સિદ્ધિ અર્થાત્ ધર્મ-અર્થાદિ ચાર પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫૪૬.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડક શ્રાવકાચાર, શ્લોક-૧૪૯)

● જગતમાં આશ્ચર્યકારી એવી ઘણી વાતો છે, અથવા થયા કરે છે. પરંતુ એ વાતોથી અમને જરાય આશ્ચર્ય ભાસતું નથી. વાસ્તવ્યમાં એમાં કાંઈ આશ્ચર્ય પણ નથી. કારણને પામીને વસ્તુનું જે પરિણમન થવાનું છે, તે થયા જ કરે છે, એમાં શું આશ્ચર્ય ? પણ આ બે જ કૌતુહલ અમને અતિ આશ્ચર્ય પમાડે છે. એક તો અતિશય દુર્લભ અમૃતને પી તેને વમી નાખનારા અને બીજા સંયમરૂપ નિધિને પામી તેને ઉલ્લાસીત ચિત્તે છોડનારા. આ બંને પ્રકારના જીવો ખરેખર ભાગ્યહીન છે. ૧૫૪૭. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૮)

● જિનેશ્વરના આગમમાં જેની બુદ્ધિ અનુરક્ત થઈ છે તથા સંસારથી જન્મ-જરા-મરણ આદિ મહા ભય ઉત્પન્ન થાય છે એવું જેઓ મનમાં ચિંતન કરે છે તેથી જેમને સંસારનો ભય ઉત્પન્ન થયો છે એવા મુનિઓને ગર્ભવાસથી અત્યંત ભય લાગે છે. ૧૫૪૯. (શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અણગાર ભાવના અધિકાર, ગાથા-૪૦)

વર્ષ–૧૦
અંક–૮

વિ. સંવત
૨૦૭૧

APRIL
A.D. 2016




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વજયંતી નિમિત્તે
## વચનામૃતમાંથી વીણેલા બોલ

પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્‌ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય—એવી અદ્‌ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે!

*

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે.

*

સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા

જીવ રાગ-દ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,
જ્ઞાનાવરણઇત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭. –શ્રી પ્રવચનસાર

બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.

✻

સમ્યગ્દષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે—બહાર ઊભા છે.

✻

જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.

✻

જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ— સમ્યક્ત્વ-સન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

✻

શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.

✻

જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે.

✻

સમ્યગ્દષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.

✻

**સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,**
**સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.** **–શ્રી પ્રવચનસાર**

ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દષ્ટિની ભાવના હોય છે.

*

શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે.

*

નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી.

*

સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.

*

જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.

*

દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.

*

સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.

*

**—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો**
**અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.** —**શ્રી પ્રવચનસાર**

નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઈત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—એવો માર્ગ છે.

*

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે—એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ—જ્ઞાતાધારા—બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છટ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે.

*

શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત'—અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.

જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે—એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે.

નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. *

**'હું આ અને આ મારું' એ મમતા ન દેહ-ધને તજે,**
**તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦. –શ્રી પ્રવચનસાર**




# આત્માનો સ્વભાવ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨

(ગાથા ૧૧-૧૨ ચાલુ)



આત્મા એકરૂપ અખંડાનંદ પરિપૂર્ણ જ્ઞાન, આનંદ, શ્રદ્ધા વગેરે બધા ગુણોની ધ્રુવપર્યાયથી પરિપૂર્ણ છે. સદા નિકટવર્તી પરમ ચૈતન્યની શ્રદ્ધાનસ્વરૂપ જે સહજજ્ઞાન તે ત્રિકાળરૂપ છે. જે ચૈતન્યસ્વરૂપ તે તો ત્રિકાળ છે પણ તેનું શ્રદ્ધાન્‌સ્વરૂપસહજજ્ઞાન પણ નિકટવર્તી એકરૂપ ધ્રુવ ત્રિકાળ છે; આ રીતે ધ્રુવ એકરૂપ સહજજ્ઞાનપર્યાયમાં આનંદ, શ્રદ્ધા તથા ચારિત્રને એકરૂપ અભેદપણે સમાડ્યા; અનંતદર્શન-જ્ઞાન-વીર્ય અને સુખ એ ચતુષ્ટયનું ત્રિકાળ એકરૂપ ધ્રુવપણે સ્વભાવથી સ્વામીત્વ છે, આ જાતના સહજજ્ઞાન દ્વારા આત્મસ્વભાવની ભાવના કરવાનું કહ્યું છે. શ્રદ્ધાનસ્વરૂપ સહજજ્ઞાનને અહીં "ત્રણકાળમાં નહિ તૂટવાવાળું" એવું એક વધારે વિશેષણ આપ્યું છે. સહજજ્ઞાન સદા નિકટવર્તી પરમચૈતન્યના શ્રદ્ધાનસ્વરૂપ છે એટલે આત્મવસ્તુમાં શ્રદ્ધા નામનો ગુણ છે તેની અવસ્થા નહિ પણ તેનું અખંડ એકરૂપ વર્તમાન છે તે જ્ઞાન સાથે સદા અભેદ પડ્યું છે; 'ત્રિકાળ નહિ તૂટવાવાળું' કહેતાં અનાદિ અનંત એકરૂપ બતાવવું છે. આવા આત્માની રુચિ અને ભાવના કરવી જોઈએ, તે ભાવનારૂપ મોક્ષમાર્ગથી જ મોક્ષ પ્રગટે છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની એકતારૂપ ભાવના તે જ મોક્ષનું કારણ છે.

આ વિષય એકલા અધ્યાત્મનો છે; આત્માનો ત્રિકાળ પરિપૂર્ણ સ્વભાવ બતાવ્યો છે. આ વિષય સાંભળ્યા વિના ખ્યાલમાં ન આવે અને ખ્યાલમાં આવ્યા વગર ભાવના પણ ન કરી શકે. જેમ મુંબઈ જોયું કે સાંભળ્યું ન હોય તો મુંબઈ યાદ આવે નહીં પણ મુંબઈ જોયું હોય તો મુંબઈની દુકાન વગેરે યાદ આવે. તેમ આત્મા વસ્તુ પરિપૂર્ણ છે તેને સાંભળી ન હોય તો ખ્યાલમાં ક્યાંથી આવે? અને ખ્યાલમાં આવ્યા વગર તેની ભાવના તેમ જ રુચિ પણ થાય નહીં; માટે પહેલાં યથાર્થ શ્રવણ કરી સમજવું જોઈએ.

આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર તેનું ત્રિકાળ એકરૂપ ધ્રુવરૂપ વર્તમાન છે તેને

હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું
—જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧. –શ્રી પ્રવચનસાર

સહજ કહો, ધ્રુવપર્યાય કહો, સ્વાભાવિક કહો કે ત્રિકાળ કહો, તે એક જ વસ્તુ છે, આખી આત્મવસ્તુ પોતે જ વર્તમાનરૂપ છે. આવા આત્માની જ શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જ ઠરવું તે ધર્મ છે, બહારમાં ક્યાંય ધર્મ નથી.

આત્મા શરીર, મન, વાણી આદિ જડ પદાર્થોથી જુદો અને દયા-ભક્તિ-પ્રભાવના આદિના શુભભાવ તે પુણ્ય તથા હિંસાદિના અશુભભાવ તે પાપ તેનાથી પાર છે; પણ અહીં તો કહ્યું કે આત્મામાં ક્ષણે ક્ષણે જે નિર્મળ પર્યાય થાય છે તેટલો પણ હું નહીં; હું ત્રિકાળ પરિપૂર્ણ એકરૂપ નિરપેક્ષ છું; આવી સહજજ્ઞાનસ્વરૂપની ભાવના અને રુચિ તે જ મોક્ષનું કારણ છે; આવું સહજસ્વરૂપ તે જ અખંડ છે, તેનો કોઈ નાથ નથી; કોઈ ઈશ્વરાદિ તેનો કર્તા નથી, સહજસ્વભાવ ત્રિકાળ છે તે પોતે જ સનાથ છે. આવો ત્રિકાળી ભગવાન આત્મા તેની પવિત્ર દશા-પૂર્ણદશા તે જ મોક્ષ છે. તેવા આત્માનું ભાન, જ્ઞાન અને સ્થિરતા થતાં મોક્ષ થાય છે અને તે જ, પૂર્ણદશારૂપ મુક્તિ કે જેને બીજો કોઈ નાથ નથી તેનો પતિ છે.

ઈશ્વર કોઈનું કરે નહીં, ઈશ્વર તો બધું જાણે. જે હોય તે ત્રિકાળ છે; અને ન હોય તે નવું બને નહીં. ત્રિકાળી વસ્તુ હોય તેનો કર્તા ન હોય, વસ્તુનો કર્તા માનવો તે જન્મ-મરણનું કારણ છે. વસ્તુનો કર્તા હોય એટલે વસ્તુ પોતે સ્વતંત્ર નથી પણ પરાધીન છે એવી માન્યતા જ રખડવાનું કારણ છે. આત્માનો કોઈ ધણી નથી તેથી તે સ્વતંત્ર છે. આત્માઓ અનંત છે, રજકણો પણ અનંત છે, ધર્મદ્રવ્ય એક છે, અધર્મદ્રવ્ય એક છે, આકાશદ્રવ્ય એક છે અને કાળાણુઓ અસંખ્યાતા છે, એ છએ દ્રવ્યો અનાદિઅનંત છે. કોઈનો કોઈ કર્તા નથી. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે ''કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ'' ઈશ્વર નિર્મળ શુદ્ધ છે, જાણવું દેખવું તે તેનો સ્વભાવ છે; ઈશ્વરમાં કાંઈ કર્તાપણું માનવું તે દોષ છે. તે (ઈશ્વર) તો પરમ આનંદ જ ભોગવે છે, તે કોઈને કાંઈ આપે નહીં. ઈશ્વરને કર્તા માનનારાઓ અનંત જન્મ-મરણમાં રખડનારા છે.

આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય તે તો ક્ષણિક વિકાર છે અને મતિ-શ્રુત કે કેવળઆદિ નિર્મળ પર્યાય થાય તે પણ ક્ષણિક એક સમયપૂરતી છે, તેથી તે આદરણીય નથી; પણ એકરૂપ ત્રિકાળ ધ્રુવદ્રવ્ય અંદર પડ્યું છે તે જ આદરણીય છે, તેના ભાન વિના મોક્ષ થાય નહીં.

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઇન્દ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.** **–શ્રી પ્રવચનસાર**

આ નિયમસારની ટીકા કરતાં આચાર્યદેવને પોતાને જ થયું કે મેં કોઈ બ્રહ્મમય ઉપદેશ કીધો છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની વાણી જે શબ્દબ્રહ્મ, તેમાં જે તત્ત્વ નીકળ્યું છે તે અધ્યાત્મનું મૂળ મેં કહ્યું છે, તેથી મેં પણ બ્રહ્મમય ઉપદેશ જ કીધો છે. આ જ કથન સંસારરૂપી વેલડીનું મૂળ કાપવાવાળું છે.

સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો, નવ પદાર્થો અને સાત તત્ત્વો જોયા છે. બટાટાની એક નાનામાં નાની કણીમાં અસંખ્યાતા ઔદારિક શરીર અને તે એકેક શરીરમાં અનંત જીવો જોયાં છે, તે દરેક આત્માનો સ્વભાવ આવો જ છે, તે સ્વભાવ કાંઈ બહારથી આવે નહીં. તે બટાટામાં રહેલો જીવ કષાયની મંદતા કરીને મનુષ્ય થઈને આઠવર્ષે આવા સ્વભાવનું ભાન કરીને તેમાં સ્થિરતા કરીને મોક્ષ દશા પ્રગટ કરી શકે છે.

ટીકાકાર કહે છે કે :—

(માલિની)

इति निगदितभेदज्ञानमासाद्य भव्यः
परिहरतु समस्तं घोरसंसारमूलम्।
सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा
तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति।।१८।।

જે ભવ્યજીવ—લાયકપ્રાણી ઉપર કહ્યું તેવું આત્માનું સ્વરૂપ ઓળખીને—સમજીને, ''પરથી-પુણ્ય પાપથી મારું સ્વરૂપ નિરાળું છે, સહજ જ્ઞાનસ્વરૂપ એકરૂપ છે એટલે જ્ઞાનમાં ભેદ પડે તે હું નહીં—હું અખંડરૂપે છું'' એવા જ્ઞાનની પ્રાપ્તિ કરીને ક્રમેક્રમે સ્થિરતા કરે છે તે ભવ્યજીવો બધા સુખોમાં ઉત્તમ એવા મોક્ષના અવિનાશી આનંદને પ્રાપ્ત કરે છે. આ ભયાનક સંસાર તે ભયનું ટોળું છે. પુણ્ય-પાપ, સુખ-દુઃખની કલ્પના તે અજ્ઞાન છે. વિકાર તે ચોરાશીનું મૂળીયું છે, તેને છોડીને અંદર આત્માની જેણે શ્રદ્ધા કરી અને તેમાં ક્રમેક્રમે સ્થિરતા કરી તે વીતરાગ થઈ ગયા.

અનાદિથી નહીં સાંભળેલ અને આ ભવમાં પરિચય નહીં કરેલ એવા આત્માના સ્વરૂપનો પરિચય જે લાયક આત્મા કરે છે તે જ અવિનાશી આત્માનું ભાન કરીને સ્વરૂપના અવિનાશી આનંદની પ્રાપ્તિ કરે છે. (ક્રમશઃ)

*

લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩. —શ્રી પ્રવચનસાર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

જે જીવો આત્માના સ્વભાવની રુચિ નથી કરતા, તે જીવ પાંચ પ્રકારે સંસારનું પરિભ્રમણ કરે છે. તેનું હવે વર્ણન કરે છે.

## પાંચ પ્રકારના સંસારનું સ્વરૂપ

संसारो पंचविहो दव्वे खेत्ते तहेव काले य।
भवभमणो य चउत्थो पंचमओ भावसंसारो ॥६६॥

**અર્થ :—**સંસાર અર્થાત્ પરિભ્રમણ છે તે પાંચ પ્રકારનું છે. (૧) દ્રવ્ય અર્થાત્ પુદ્ગલદ્રવ્યમાં ગ્રહણ-ત્યાગરૂપ પરિભ્રમણ, (૨) ક્ષેત્ર અર્થાત્ આકાશપ્રદેશોને સ્પર્શવારૂપ પરિભ્રમણ, (૩) કાળ અર્થાત્ કાળના સમયોમાં ઊપજવા-વિનશવારૂપ પરિભ્રમણ, (૪) ભવ અર્થાત્ નરકાદિ ભવોના ગ્રહણ-ત્યાગરૂપ પરિભ્રમણ અને (૫) ભાવ અર્થાત્ પોતાને કષાય-યોગસ્થાનરૂપ ભેદોના પલટવારૂપ પરિભ્રમણ;}એ પ્રમાણે પાંચ પ્રકારરૂપ સંસાર જાણવો.

પુદ્ગલ દ્રવ્યના ગ્રહણ ત્યાગની તો વ્યવહારથી વાત કરી છે. ચૈતન્યતત્ત્વને જે ભાવથી પરમાણુનો સંયોગ આવે તે સંસાર છે. પુદ્ગલો આવ્યાં ને ગયાં તે દ્રવ્યસંસાર છે, તેમાં આત્માનો કિંચિત્ લાભ નથી.

લોકાકાશના દરેક પ્રદેશે જીવ અનંતવાર જન્મ્યો, તે ક્ષેત્રસંસાર છે. મહાવિદેહાદિ અમુક ક્ષેત્રે જન્મે તો તેથી કાંઈ આત્માને લાભ ન થઈ જાય.

ચોથા કાળે જન્મે કે પાંચમા કાળે જન્મે તે કાળસંસાર છે, કાળનો એવો કોઈ સમય બાકી નથી કે જે સમયમાં જીવ જન્મ્યો-મર્યો ન હોય

નરક વગેરેના ભવો જીવે અનંતવાર કર્યા તે ભવસંસાર છે. મનુષ્યભવ વગર ચારિત્ર ધર્મ ન હોય, પણ તેથી કાંઈ મનુષ્યભવને કારણે ચારિત્ર ધર્મ થતો નથી. ચાર ગતિનો કોઈ પણ ભવ જે ભાવથી મળે તે દુઃખ છે, તેમાં સુખ નથી.

ભાવસંસાર એટલે કોઈપણ વિકારી ભાવ થાય તે ભાવસંસાર છે, પંચમહાવ્રતાદિ

**—આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,**
**સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.　　–શ્રી પ્રવચનસાર**

વ્યવહારની શુભ લાગણી ઊઠે તે પણ ભાવસંસાર છે. તે શુભ વ્યવહારમાં લાભ માનનારો જીવ સંસારની રુચિવાળો છે. મિથ્યાદૃષ્ટિ જીવ ચૈતન્ય સ્વભાવની રુચિ વગર જે કાંઈ શુભાશુભ ભાવો કરે છે તે બધોય સંસાર છે, તેમાં ધર્મ નથી.

આ પાંચ પ્રકારનો સંસાર છે. અજ્ઞાની જીવ ભલે ત્યાગી થઈને મહાવ્રત પાળે, તોપણ તેને પાંચમાંથી એકેય પ્રકારનો સંસાર છૂટ્યો નથી. આત્માનો સ્વભાવ આ પાંચે પ્રકારના સંસાર પરિભ્રમણથી રહિત છે, તેની ભાવના કરે તો સંસાર છૂટે.

હવે દ્રવ્ય પરાવર્તનનું સ્વરૂપ કહે છે :—

**बंधदि मुंचदि जीवो पडिसमयं कम्मपुग्गला विविहा ।**
**णोकम्मपुग्गला वि य मिच्छत्तकसायसंजुत्तो** ।।૬૭।।

**અર્થ :**—આ જીવ, આ લોકમાં રહેલાં જે અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મપુદ્‌ગલો તથા ઔદારિકાદિ શરીરરૂપ નોકર્મ-પુદ્‌ગલોને, મિથ્યાત્વ-કષાયો વડે સંયુક્ત થતો થકો, સમયે-સમયે બાંધે છે અને છોડે છે. ૬૭.

અહીં ઔદારિક આદિમાં, ઔદારિક, વૈક્રિયિક અને તેજસ શરીર લેવા, પણ આહારક શરીર ન લેવું, કેમ કે આહારક શરીર તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને જ હોય છે. મિથ્યાત્વ અને કષાયભાવોથી જીવ સમયે-સમયે જ્ઞાનાવરણાદિ કર્મ પરમાણુઓને તથા ઔદારિક ત્રણ શરીરરૂપ નોકર્મ પરમાણુઓને બાંધે છે. જડ કર્મને આત્મા ગ્રહે છે તે તો નિમિત્તનું કથન છે, કેમ કે જીવના મિથ્યાત્વાદિ ભાવો તેમાં નિમિત્ત થાય છે, તેથી જીવે તેને ગ્રહ્યાં અને છોડ્યાં—એમ કહ્યું છે.

અમુક કર્મ બંધાય તો મહાવિદેહમાં જવાય ને ત્યાં ભગવાનનો ભેટો થાય, એમ જેને કર્મ બાંધવાની ભાવના છે તેને તો દ્રવ્યસંસારની ભાવના છે. ધર્મી જીવ પણ ભગવાનની પૂજા ભક્તિમાં એમ બોલે કે :—‘‘ચલો વિદેહક્ષેત્રમેં.’’ ત્યાં ખરેખર ધર્મીને સંયોગની ભાવના નથી. તેમ જ સંયોગ જે ભાવે મળે તે ભાવની પણ ભાવના નથી. ભાવના તો અંતરના સ્વભાવની છે પણ શુભભાવ વખતે ભગવાનને યાદ કરીને નિમિત્તથી કહે છે કે ‘‘ચલો ક્ષેત્ર વિદેહમેં.’’ ધર્મીને વર્તમાન રાગની પણ રુચિ નથી ને ભવિષ્યના રાગની ભાવના નથી, પણ ભક્તિના કાળે અનેક પ્રકારના કાલાંઘેલાં વચનો નીકળે છે! હે સીમંધર ભગવાન! તમે આ ભરતક્ષેત્રમાં પધારો—એમ કહે, અંદર ભાન

**હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે**
**જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.** **–શ્રી પ્રવચનસાર**

છે કે ભગવાન કાંઈ મહાવિદેહમાંથી ભરતે ન પધારે, પણ અંદર પોતાના ભાવમાં ભગવાનની નિકટતા કરે છે. અંદરમાં ચૈતન્ય સ્વભાવનું ભાન છે, તેથી પૂર્ણતાની ભાવના કરે છે.

અજ્ઞાની તો ચૈતન્ય સ્વભાવ ચૂકીને મિથ્યાત્વ અને કષાયને વશ અનાદિકાળથી સમયે-સમયે કર્મ-નોકર્મના પરમાણુઓને ગ્રહે છે ને છોડે છે, આવો જે પરમાણુઓનો ગ્રહણ-ત્યાગ તે દ્રવ્યસંસાર છે. તેમાં એક દ્રવ્ય-પરાવર્તન ક્યારે પૂરું થાય? તે કહે છે.

જેટલા પરમાણુઓ જેવા જેવા રસવાળા હતા, તેવા જ પરમાણુઓ ફરીને ગ્રહણ કરે ત્યારે એક દ્રવ્ય-પરાવર્તન પૂરું થયું કહેવાય. આવા એક પરાવર્તનમાં અનંતો કાળ જાય છે છતાં આવા અનંત પરાવર્તન જીવ કરી ચૂક્યો છે. હવે ક્ષેત્ર-પરાવર્તન કહે છે :—

**सो को वि णत्थि देसो लोयायासस्स णिरवसेसस्स ।**
**जत्थ ण सव्वो जीवो जादो मरिदो य बहुवारं ॥६८॥**

**અર્થ :**—આ સમગ્ર લોકાકાશ પ્રદેશોમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં આ સંસારના સર્વ જીવો અનંત વાર ઊપજ્યા-મર્યા ન હોય. ૬૮.

જ્યાં સિદ્ધ ભગવંત બિરાજે છે તે જ ક્ષેત્રે જીવ અનંતવાર જન્મ્યો ને મર્યો છે. એક માણસે બીજાને પૂછ્યું કે તેં રાજાને જોયા છે? તો તે કહે છે કે 'હા' ક્યારે? તો કહે કે 'મેં ખૂન કર્યું તેનો કેસ ચાલતો હતો ત્યારે કોર્ટમાં રાજા આવ્યા હતા ને મેં જોયા હતા!' તેમ અજ્ઞાની જીવ અનંત સંસારમાં રખડતાં-રખડતાં જે ક્ષેત્રે સિદ્ધ ભગવંત બિરાજે છે ત્યાં પણ અનંતવાર એકેન્દ્રિયપણે જન્મ્યો-મર્યો છે. સંસાર પરિભ્રમણમાં જીવ શરીરની નાનામાં નાની અવગાહનાથી માંડીને અનુક્રમે મોટામાં મોટી અવગાહના ધારણ કરીને આખા લોકમાં જન્મ્યો ને મર્યો છે.

જેને સંસારની ચારે ગતિનો ભય લાગ્યો છે તેને સ્વર્ગના અવતારમાં પણ સુખ ન ભાસે. ચૈતન્ય સ્વભાવ સિવાય કોઈ સંયોગમાં સુખ ન ભાસે, તો ચારે ગતિનો ભય લાગ્યો કહેવાય. જે જીવ સ્વભાવની ભાવના કરીને ભવના કારણરૂપ પરભાવને છોડે છે, તેને આવું સંસાર-પરિભ્રમણ થતું નથી.

આ સંસારભાવનાનું વર્ણન છે. પરિભ્રમણના કારણની અનેકતા છે, પણ તેને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,**
**આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬. –શ્રી પ્રવચનસાર**

# ગૃહસ્થપણું દાનથી જ શોભે છે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્મની પ્રભાવના વગેરે માટે દાન કરવાનો પ્રસંગ આવે ત્યાં ધર્મના પ્રેમી જીવનું હૃદય થણગણાટ કરતું ઉદારતાથી ઊછળી જાય કે—અહો, આવા ઉત્તમ કાર્ય માટે જેટલું ધન વપરાય તેટલું સફળ છે. જે ધન પોતાના હિત માટે કામ ન આવે ને પાપબંધનું જ કારણ થાય—એ ધન શા કામનું ?

—એવા ધનથી ધનવાનપણું કોણ કહે ? સાચો ધનવાન તો એ છે કે જે ઉદારતાપૂર્વક ધર્મકાર્યમાં પોતાની લક્ષ્મી વાપરે છે.

શ્રાવકનાં હંમેશનાં જે કર્તવ્ય છે તેમાંથી દાનનું આ વર્ણન ચાલે છે—

(शार्दूलविक्रीडित)

दानेनैव गृहस्थता गुणवती लोकद्वयोद्योतिका
नैव स्यान्ननु तद्विना धनवतो लोकद्वयध्वंसकृत् ।
दुर्व्यापारशतेषु सत्सु गृहिणः पापं यदुत्पद्यते
तन्नाशाय शशाङ्कशुभ्रयशसे दानं च नान्यत्परम् ॥१४॥

અર્થ :— દાન દ્વારા જ ગુણયુક્ત ગૃહસ્થાશ્રમ બન્ને લોકોને પ્રકાશિત કરે છે અર્થાત્ જીવને દાનના નિમિત્તે જ આ ભવ અને પરભવ બન્નેમાં સુખ પ્રાપ્ત થાય છે. એનાથી ઉલ્ટું ઉક્ત દાન વિના ધનવાન મનુષ્યનો તે ગૃહસ્થાશ્રમ બન્ને લોકને નષ્ટ કરી નાંખે છે. સેંકડો દુષ્ટ વ્યાપારોમાં પ્રવૃત્ત થતાં ગૃહસ્થને જે પાપ ઉત્પન્ન થાય છે તેને નષ્ટ કરવાનું તથા ચંદ્રમા સમાન ધવળ યશની પ્રાપ્તિનું કારણ તે દાન જ છે, તે સિવાય પાપનાશ અને યશની પ્રાપ્તિનું બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. ૧૪.

ધનવાન મનુષ્યોનું ગૃહસ્થપણું દાનવડે જ ગુણકારી છે, તથા દાન વડે જ આ લોક તથા પરલોક બંનેનો ઉદ્યોત થાય છે; દાન વગરનું ગૃહસ્થપણું તો બંને લોકનો ધ્વંસ કરનારું છે. ગૃહસ્થને સેંકડો પ્રકારના દુર્વ્યાપારથી જે પાપ થાય છે તેનો નાશ દાનવડે

> શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
> પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે? ૧૯૭. –શ્રી પ્રવચનસાર

જ થાય છે, ને દાનવડે ચંદ્રસમાન ઉજ્જ્વળ યશ પ્રાપ્ત થાય છે. આ રીતે પાપનો નાશ ને યશની પ્રાપ્તિ માટે ગૃહસ્થને સત્પાત્રદાન સમાન બીજું કાંઈ નથી. માટે પોતાનું હિત ચાહનારા ગૃહસ્થોએ દાન વડે ગૃહસ્થપણું સફળ કરવું જોઈએ.

દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના ઉલ્લાસથી સંસાર તરફનો ઉલ્લાસ ઘટાડે છે ત્યાં દાનાદિનો શુભભાવ આવે છે, એટલે ગૃહસ્થે પાપ ઘટાડી શુભભાવ કરવો—એવો ઉપદેશ છે. તું શુભભાવ કર એવો ઉપદેશ વ્યવહારમાં હોય છે. પરમાર્થમાં તો રાગનુંય કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. રાગના કણિયાનુંય કર્તૃત્વ માને કે તેનાથી મોક્ષમાર્ગ માને તો મિથ્યાદૃષ્ટિ છે એમ શુદ્ધદૃષ્ટિના વર્ણનમાં આવે; એવી દૃષ્ટિપૂર્વક રાગની ઘણી મંદતા ધર્મીને હોય છે. રાગ વગરનો સ્વભાવ દૃષ્ટિમાં લ્યે ને રાગ ઘટે નહિ એમ કેમ બને ? અહીં કહે છે કે જેને દાનાદિના શુભભાવનુંય ઠેકાણું નથી, એકલા પાપભાવમાં જે પડ્યા છે તેની તો આ લોકમાંય શોભા નથી ને પરલોકમાંય તેને સારી ગતિ મળતી નથી. પાપથી બચવા માટે પાત્રદાન જ ઉત્તમ માર્ગ છે. મુનિવરોને તો પરિગ્રહ જ નથી, એમને તો અશુભપરિણતિ છેદાઈ ગઈ છે ને ઘણી આત્મરમણતા વર્તે છે—એમની તો શી વાત ? અહીં તો ગૃહસ્થને માટે ઉપદેશ છે. જેમાં અનેક પ્રકારના પાપના પ્રસંગ છે એવા ગૃહસ્થપણામાં પાપથી બચવા પૂજા-દાન-સ્વાધ્યાય વગેરે કર્તવ્ય છે. તીવ્રલોભી પ્રાણીને સંબોધીને કાર્તિકસ્વામી તો કહે છે કે અરે જીવ ! આ લક્ષ્મી ચંચળ છે, એની મમતા તું છોડ. તું તીવ્ર લોભથી બીજા માટે (દેવ-ગુરુ-શાસ્ત્રના શુભ કાર્યોમાં) તો લક્ષ્મી નથી વાપરતો, પરંતુ તારા દેહ માટે તો વાપર ! એટલી તો મમતા ઘટાડ.—એ રીતે પણ લક્ષ્મીની મમતા ઘટાડતાં શીખશે તો ક્યારેક શુભકાર્યોમાં પણ લોભ ઘટાડવાનો પ્રસંગ આવશે. અહીં તો ધર્મના નિમિત્તો તરફના ઉલ્લાસ ભાવથી જે દાનાદિ થાય તેની જ મુખ્ય વાત છે. જેને ધર્મનું લક્ષ નથી તે કંઈક મંદરાગ વડે દાનાદિ કરે તો સાધારણ પુણ્ય બાંધે, પણ અહીં તો ધર્મના લક્ષ સહિતના પુણ્યની મુખ્યતા છે; એટલે અધિકારની શરૂઆતમાં જ અરિહન્તદેવની ઓળખાણની વાત લીધી હતી. શાસ્ત્રમાં તો જ્યારે જે પ્રકરણ ચાલતું હોય ત્યારે તેનું વિસ્તારથી વર્ણન કરે, બ્રહ્મચર્ય વખતે બ્રહ્મચર્યનું વર્ણન કરે, ને દાન વખતે દાનનું વર્ણન કરે; મૂળભૂત સિદ્ધાન્ત લક્ષમાં રાખીને દરેક કથનના ભાવ સમજવા જોઈએ.

લોકોમાં તો જેની પાસે ઘણું ધન હોય તેને લોકો ધનવાન કહે છે; પરંતુ શાસ્ત્રકાર

**બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,**<br>**ઇન્દ્રિય-અતીત અનિન્દ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.** **–શ્રી પ્રવચનસાર**

કહે છે કે જે લોભી છે એની પાસે ગમે તેટલું ધન પડ્યું હોય તોપણ તે ધનવાન નથી પણ રંક છે, કેમ કે જે ધન ઉદારતાપૂર્વક સત્કાર્યમાં વાપરવા માટે કામ ન આવે, પોતાના હિતને માટે કામ ન આવે ને એકલા પાપબંધનું જ કારણ થાય એ ધન શા કામનું ? ને એવા ધનથી ધનવાનપણું કોણ માને ? સાચો ધનવાન તો એ છે કે જે ઉદારતાપૂર્વક પોતાની લક્ષ્મીને દાનમાં વાપરે છે. ભલે લક્ષ્મી થોડી હોય પણ જેનું હૃદય ઉદાર છે તે ધનવાન છે. ને લક્ષ્મીના ઢગલા હોવા છતાં જેનું હૃદય ટૂંકું છે—કંજૂસ છે તે દારિદ્રી છે. એક કહેવત છે કે—

રણે ચડ્યા રજપૂત છૂપે નહિ.... દાતા છૂપે નહિ ઘર માંગણ આયા....

જેમ યુદ્ધમાં ખાંડાના ખેલનો પ્રસંગ આવે ત્યાં રજપૂતની શૂરવીરતા છાની રહે નહિ; એ ઘરના ખૂણે સંતાઈને બેસી ન રહે, એનું શૌર્ય ઊછળી જાય. તેમ જ્યાં દાનનો પ્રસંગ આવે ત્યાં ઉદાર દિલના માણસનું હૃદય છાનું ન રહે; ધર્મના પ્રસંગમાં પ્રભાવના વગેરે માટે દાન કરવાનો પ્રસંગ આવે ત્યાં ધર્મના પ્રેમી જીવનું હૃદય થનગણાટ કરતું ઉદારતાથી ઊછળી જાય; એ છટકવાના બહાનાં ન કાઢે, કે એને પરાણે—પરાણે કહેવું ન પડે, પણ પોતાના જ ઉત્સાહથી તે દાનાદિ કરે કે અહો, આવા ઉત્તમકાર્યમાં જેટલું દાન કરું તેટલું ઓછું છે. મારી જે લક્ષ્મી આવા કાર્યમાં વપરાય તે સફળ છે. આ રીતે શ્રાવક દાન વડે પોતાનું ગૃહસ્થપણું શોભાવે છે.

શાસ્ત્રકાર હજી પણ એ વાતનો વિશેષ ઉપદેશ આપે છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ)

ટાળવાનું કારણ એક છે. પર્યાયબુદ્ધિમાં અનેક પ્રકારના વિકલ્પો કરી પરિભ્રમણ કરે છે પણ ટાળવાનો ઉપાય એક છે. જીવે અનંતીવાર ક્ષેત્ર પરાવર્તન કર્યું છે, પુણ્ય-પાપ, દયા-દાનાદિ શુભક્રિયાનું મહાત્મ્ય કરીને રખડ્યો પણ યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે ? તેની શ્રદ્ધા કરી નહિ. આત્માનું પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ તે દેવ છે. આત્માના સ્વરૂપને જે સાધે છે તે ગુરુ છે ને અનેકાંત બતાવે તે શાસ્ત્ર છે, આમ દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ જાણે તો પરિભ્રમણ મટ્યા વિના રહે નહિ. (ક્રમશઃ)

**શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને**
**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.** **—શ્રી પ્રવચનસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

**પ્રવચન-૧**

(માગશર વદ ૬, રવિવાર તા. ૭-૧૨-૫૨)

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે, આત્માના આનંદનો પ્રકાશ આ ગ્રંથમાં કર્યો છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, તેનો અનુભવ જે રીતથી થાય તે વાત આમાં કરી છે. પ્રથમ "ૐ નમઃ સિદ્ધેભ્યઃ" લખી ગ્રંથની શરૂઆત કરી છે. ૐ એ તીર્થંકર ભગવાનનો નિરક્ષરી ધ્વનિ છે, જે દ્વારા આત્માના સ્વરૂપનો ખ્યાલ આવે છે. સ્વભાવમાં પૂર્ણ શક્તિ હતી તેને જેમણે પ્રગટ કરી, વળી જેમણે અશરીરી દશા પ્રગટ કરીને જેઓ અનંત આનંદનો અનુભવ કરે છે તે સિદ્ધ છે. તેમને નમસ્કાર કરી મંગલ કરે છે.

(દોહા)

ગુણ અનંતમય પરમપદ, શ્રી જિનવર ભગવાન;
જ્ઞેય લક્ષ્ય છે જ્ઞાનમાં, અચલ સદા નિજસ્થાન.

મંગલમાં સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરે છે. સિદ્ધ અનંત ગુણમય છે, શ્રીસ્વરૂપલક્ષ્મી વીતરાગભાવે પ્રધાનપદ પામી પ્રધાન થયા તે જિનેશ્વર ભગવાન છે. ભગવાનના જ્ઞાનમાં બધા જ્ઞેયો વર્તે છે, કોઈ બાકી નથી, છતાં પોતે અસંખ્ય પ્રદેશમાં રહીને બધાને જાણે છે.

ભગવાન તે દ્રવ્ય છે તથા અનંત ગુણોનો ભંડાર છે—એમ કહી ભાવ બતાવ્યા, ને તેની એક સમયની પર્યાયમાં લોકાલોકને જાણે છે તે કાળ (પર્યાય) કહ્યો, છતાં તે બધું પોતામાં રહી, ક્ષેત્ર ફર્યા વિના, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને ધારીને સ્વક્ષેત્રમાં રહીને જાણે છે તે ક્ષેત્ર કહ્યું—આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભગવાનનું સ્વરૂપ કહ્યું.

પરમાત્માને જ્ઞેયો લક્ષમાં છે પણ તેઓ જ્ઞેયોને ફેરવે કે બદલાવે તેવા નથી, માત્ર બધાં જ્ઞેયોને જાણે છે ને પોતાના અસંખ્યપ્રદેશી નિજસ્થાનમાં સદાય અચલ છે, ત્યાંથી કદી ચલિત થતા નથી.

સિદ્ધ ભગવાન અથવા નિર્વાણનાથ કેવા છે? જિનેશ્વર પરમ દેવાધિદેવ છે,

> **એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**
> **નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.** **–શ્રી પ્રવચનસાર**

પરમાત્મા છે, પોતાની ઈશ્વરતા પોતાને પ્રગટ થઈ છે માટે પરમેશ્વર છે. વળી જ્ઞાની ધર્માત્માને પરમ પૂજ્ય છે. અજ્ઞાનીને પૂજ્ય નથી, કેમકે પૂજ્ય કેવા હોય અને પૂજનાર કેવો હોય તેની અજ્ઞાનીને ખબર નથી. વળી ભગવાન મિથ્યાત્વ-રાગાદિ મળથી રહિત છે, ઉપમા વિનાના છે, તેમને આનંદમાં ખંડ પડતો નથી એવા શીતળીભૂત ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરું છું. પરિપૂર્ણ દશાની રક્ષા કરે છે તે નિર્વાણનાથ છે. આમ ઓળખાણ કરી ગ્રંથકાર નમસ્કાર કરે છે, તે વિના નમસ્કાર સાચો હોતો નથી. જીવ પોતાના સ્વરૂપને ઓળખે તો ભગવાન ઉપર નિમિત્તનો આરોપ આવે. આમ સ્વરૂપને સમજી, ભગવાનને નમસ્કાર કરી, આત્માની આનંદદશાના પ્રકાશક આ ગ્રંથની શરૂઆત કરે છે.

નિર્મળ ભેદજ્ઞાન દ્વારા આત્માના પ્રસાદથી તથા નિમિત્તરૂપે ભગવાનના પ્રસાદથી પોતાના આત્મામાં આનંદ પ્રગટ થાય તે ધર્મ છે. પ્રથમ અજ્ઞાનમાં વિકારી પર્યાય તરફ જોતો તે સ્વભાવ તરફ જોવાથી નિજ આનંદદશા પ્રગટ થાય છે. આત્મા પોતે આનંદની ખાણ છે, તેના આશ્રયે આનંદ પ્રગટે છે.

આમ નમસ્કાર કરી મહિમા કર્યો તેનું ફળ આનંદ બતાવ્યું.

પ્રથમ આ લોકમાં અનંતા આત્મા, અનંતાનંત પુદ્ગલો, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ ને અસંખ્ય કાળાણું—એમ છ પ્રકારની વસ્તુ સર્વજ્ઞે પોતાના જ્ઞાનમાં જોયેલ છે. તેમાં આત્મા તે સર્વ પરદ્રવ્યોથી જુદો છે, શરીર, મન, વાણી, કર્મ વગેરે વસ્તુ છે, પણ આત્મા તેનાથી જુદો છે; જુદો ન હોય તો છ વસ્તુ રહેતી નથી. શરીરાદિથી આત્મા જુદો છે—તે નાસ્તિથી વર્ણન કર્યું.

હવે અસ્તિથી કેવો છે તેનું વર્ણન કરે છે. તેનો જ્ઞાનાનંદમય સ્વભાવ સહજ છે, અનાદિનો છે, કોઈથી ઘડાયેલો નથી. છ દ્રવ્યો સહજ છે પણ આત્મા કેવો સહજ છે ? તે સહજ સ્વભાવરૂપ સચ્ચિદાનંદ છે. સત્=અસ્તિ, ચિત્=જ્ઞાન, પોતે જ્ઞાન ને આનંદવાળો છે. વળી અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંતા ગુણવાળો છે. સંસારમાં શરીર નિમિત્તરૂપે હો, પર્યાયમાં વિકાર હો પણ સ્વભાવ તો જ્ઞાન ને આનંદવાળો છે. વળી આત્મા અનંતગુણમય છે, અમૃતરસનો પિંડ છે, પર્યાયમાં વિકારને ગૌણ કરી અહીં વાત કરે છે.

હવે પર્યાયની વાત કરે છે, આત્મા સ્વભાવે શુદ્ધ હોવા છતાં અનાદિથી કર્મનો સંયોગ છે. કર્મ આદિ પરદ્રવ્યથી ભિન્ન છે, પણ તેના નિમિત્તે પોતાની દશામાં અશુદ્ધતા

**એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,**
**શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧. —શ્રી પ્રવચનસાર**

છે. અશુદ્ધતા ન હોય તો સંસાર જ ન હોય. આમ હોવાથી અજ્ઞાની અનાદિથી પર પદમાં પોતાનું સ્વરૂપ માને છે. વિકાર, દયા, દાનાદિ પરિણામ તથા શરીરાદિ પરધામ છે, છતાં તેને પોતાના માની પરભાવ કર્યા કરે છે. કર્મ પરભાવ કરાવતું નથી, પણ પોતે પરને પોતાનું માની પરભાવ કરે છે.

અનાદિથી જીવ-પરને તથા વિકારને પોતાનાં માને છે. વિકાર એક સમયનો હોવા છતાં તેને પોતાનું ત્રિકાળ સ્વરૂપ માને તો તેમાંથી દૃષ્ટિ કેવી રીતે ઉઠાવે? ન જ ઉઠાવે. આમ રાગની રુચિ વડે શુભાશુભ લાગણીઓ કર્યા કરે છે ને જન્મનાં, વૃદ્ધાવસ્થાનાં, મરણ વગેરેનાં દુઃખ સહન કરે છે.

આ દુઃખની પરિપાટીનું કારણ કહે છે. ભગવાન આત્મા અનંતા ગુણોનો પિંડ હોવા છતાં પરને પોતાનાં માની કર્મના નિમિત્તે પરભાવ કરી દુઃખ સહન કરે છે. પોતાના અશુદ્ધ ચિંતવનથી જ દુઃખની પરિપાટી પ્રાપ્ત કરે છે ને શુદ્ધ ચિંતવનથી દુઃખ થતું નથી—એમ અનેકાંત બતાવે છે.

જો જીવ પોતાના સહજ સ્વરૂપની સંભાળ કરે તો દુઃખનો નાશ થાય, પણ અજ્ઞાની જીવ તેની પ્રતીતિ કરતો નથી તેથી દુઃખની પરિપાટી પ્રાપ્ત થઈ છે. પ્રથમ પર્યાયમાં દુઃખની વાત કરી. હવે કહે છે કે પોતાનો ત્રિકાળી સ્વભાવ-સહજસ્વભાવ પરમાનંદની મૂર્તિ છે. તેની સંભાળ કરે તો દુઃખ જાય. પણ ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વિના આ વાત સમજાય નહિ. જે પરથી ને પુણ્યથી ધર્મ મનાવે તે સાચા દેવાદિ નથી. કુદેવાદિ છે વગેરે વાત આગળ કહેશે.

પોતાના અશુદ્ધ ચિંતવનથી દુઃખ છે પણ પોતાના સહજ સ્વભાવની સંભાળ કરે તો દુઃખ મટે. પર્યાયબુદ્ધિથી જે સંસાર છે તે સ્વભાવબુદ્ધિથી ગુણગુણી ત્રિકાળ અભેદ છે તેની દૃષ્ટિથી તૂટે.

આત્માનો સહજ જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુનો વિકલ્પ નિમિત્ત કહેવાય. દેવ-શાસ્ત્ર-ગુરુ એમ કહે છે કે આત્મા અનંત ગુણોનો પિંડ છે, માટે પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કર તો દુઃખનો નાશ થાય. અનાદિથી પર્યાયમાં સંસાર છે ને સ્વભાવના આશ્રયે નાશ થઈ શકે છે એમ કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. આમ શિષ્ય તેને સાંભળે છે ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે છે. તે સાચા દેવાદિકને

**બંધુજનોની વિદાય લઇ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,**
**દગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી. ૨૦૨. –શ્રી પ્રવચનસાર**

નિમિત્ત ક્યારે કહેવાય? પોતાના સહજ સ્વરૂપની સંભાળ કરે તો દેવ-ગુરુ-શાસ્ત્ર અને તેમના પ્રત્યેના શુભ વિકલ્પને નિમિત્ત કહેવાય.

દેવ-ગુરુ એમ કહે છે કે અમને સાંભળવા આવ્યો છો તે શુભરાગ છે, તે બંધન છે. એમ સંભળાવનાર પણ છે. પ્રથમ અજ્ઞાની ઊંધું સાંભળતો હતો તે છૂટ્યું છે. સહજ સ્વભાવનું ધામ આત્મા છે તેની સંભાળ કરે તો દુઃખનો નાશ થાય—એમ કહેનારા હવે મળ્યા છે. અહીં ''સંભાળ'' શબ્દમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. પોતાના સ્વરૂપની સંભાળ કરવાનું કહ્યું છે, પરની સંભાળ કરવાનું કહ્યું નથી. અજ્ઞાની જીવ રાગ-દ્વેષાદિની સંભાળ કરવા રોકાયો છે તેને છોડી સ્વભાવને સંભાળે તો સાચી દૃષ્ટિથી શ્રદ્ધા અપેક્ષાએ દુઃખનો નાશ થાય ને ચારિત્રમાં સ્થિરતા કરતાં કરતાં દુઃખનો સર્વથા નાશ થાય.

આ અહિંસા પરમો ધર્મ છે. પરની અહિંસા કે હિંસા કોઈ કરી શકતું નથી. પોતાના સ્વરૂપની સંભાળ તે અહિંસા છે. અજ્ઞાની જીવ પૈસાદિ સંયોગો માટે અશુદ્ધ ચિંતવન કરી દુઃખની પરિપાટી કરે છે ત્યાં પૈસા પૈસાના કારણે આવે છે પણ જીવે રાગનો પ્રયત્ન પોતાની પર્યાયમાં કર્યો છે. જીવે પુણ્ય-પાપભાવ અથવા રળવાના—ખાવાપીવાના ભાવની—અશુદ્ધતાની પ્રાપ્તિ કરી છે. કાંઈ પર ચીજો, પૈસા, મકાન વગેરે આત્માની પર્યાયમાં પેસતા નથી તો પછી તે ચીજોની પ્રાપ્તિ જીવને થઈ કેમ કહેવાય? પરચીજો—પૈસા વગેરે જીવને પ્રાપ્ત થયા નથી, પણ જીવને મમતા—આકુળતા અથવા અશુદ્ધભાવની પ્રાપ્તિ થઈ છે. જીવના સ્વક્ષેત્રમાં ને સ્વકાળમાં દુઃખની પ્રાપ્તિ થઈ છે.


જુઓ, દીપચંદજી ગૃહસ્થ હતા છતાં કેવી સરસ વાત કરે છે. અજ્ઞાની જીવ અશુદ્ધ ચિંતવનથી દુઃખની પ્રાપ્તિ કરે છે ને સ્વભાવની સંભાળ કરે તો દુઃખ નાશ થાય. સામગ્રીને લીધે અશુદ્ધ ચિંતવન થતું નથી, સામગ્રી એક સમયમાત્ર જીવને અડતી નથી.

આત્મા જ્ઞાન, આનંદ વગેરે અનંતા ગુણોનો પિંડ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા કરે તો એક ક્ષણમાં સર્વદુઃખ નાશ થાય ને કાયમી આનંદમય પરમપદ પ્રગટ થાય. જીવ કાં તો દુઃખની પરિપાટીને પામે અથવા શાશ્વત આનંદપદને પામે, તે પદ મેળવવા માટે બીજી કોઈ વસ્તુની જરૂર પડતી નથી.

જીવ અનાદિથી પોતાની સંભાળ ન કરતાં પરમાં પોતાનું સ્વરૂપ માને છે તે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)

**'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,**
**—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઇષ્ટ જે. ૨૦૩. –શ્રી પ્રવચનસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૬

અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર. તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. ૨૬.

**'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા.'**

જે તત્ત્વ છે, જગતમાં જેનું અસ્તિત્વ છે, તે જ્ઞાનાદિ દિવ્ય શક્તિઓનો ભંડાર ભગવાન આત્મા છે. આત્મદેવ અંદર બિરાજે છે. જાણવું...જાણવું... ને જાણવું જેના અસ્તિત્વમાં થાય છે એ આનંદ ને ઈશ્વરતાના સ્વભાવથી ભરપૂર ચૈતન્યચમત્કાર—આત્મદેવ ભિન્ન બિરાજે છે. તે પુણ્ય-પાપ ને સંયોગની ક્રિયાથી ભિન્ન છે. અહા! અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર, અને હવે અંતરમાં જા, ને તૃપ્ત થા.

અહીં 'હવે' શબ્દ છે; શાસ્ત્રોમાં 'અથ' શબ્દ આવે છે 'અથ' એટલે માંગલિક શરૂઆત. 'અથ' એટલે હવે. હવે બાધકપણું છોડી સાધકમાં જા, મંગળ શરૂઆત કર.

ભગવાન આત્મા અંદર વસ્તુ છે કે નહિ? અને છે, તો એમાં ભરપૂર ભરેલા સ્વભાવ છે કે નહિ? સ્વભાવ હોય તે ભરપૂર હોય કે અપૂર્ણ હોય? તુલના—વિચાર કે દી કર્યો છે?

આ દેહ ને રાગાદિ, તથા દયા-દાન વગેરે પુણ્યભાવ બધું બાહ્ય છે. તેને પોતાના માનવા તે બહિરાત્મપણું છે; અને એ રાગાદિથી ભિન્ન આત્મા છે તેને જેવો છે તેવો પૂર્ણ માનવો તે અંતરાત્મપણું છે. અંતરાત્મદશા દ્વારા પૂર્ણ સાધ્યદશા પ્રગટ કરવી તે પરમાત્મપણું છે. આ, આત્માની ત્રણ દશા છે.

અંદર જ્ઞાયક-આત્મા બિરાજે છે એની સંભાળ કર. હવે અંતરમાં જા. પુણ્ય-પાપના વિકલ્પ એ તો ઠીક—એ તો આવે, પણ અંદર 'આ પુણ્ય છે, આ પાપ છે' વગેરે જે જાણે છે તે જ્ઞાનની વર્તમાન પ્રગટ દશાને અંદરમાં લઈ જા. જ્યાં તળમાં ધ્રુવ પડ્યું

**પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,**
**—એ રીત નિશ્ચિત ને જિતેન્દ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪. –શ્રી પ્રવચનસાર**

છે, જેના પાતાળમાં ઊંડે ઊંડે આખું તત્ત્વ અંદર ભર્યું પડ્યું છે, ત્યાં જા, ને તૃપ્ત થા. ત્યાં તને આનંદ થશે. ત્યાં તને ગોઠશે. બેને કહ્યું છે ને?—હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. ત્યાંથી આનંદ મળશે. લોકોને લાગે કે અમને તો બહારમાં ગોઠે છે; પૈસા રળવા, ખાવું-પીવું, કોઈ વખાણ કરે, એમાં મજા પડે છે; અને તમે કહો છો કે અંદરમાં ગમે એવું છે. તો અમારે કરવું શું? અમને તો બધે ગમે છે. તો અમે ત્યાંથી આત્મામાં કેમ જઈએ?

અજ્ઞાનના પાગલપણામાં ભાન ક્યાં છે? ક્યાં ગમે એવું છે એની એમને ખબર જ ક્યાં છે? બહારમાં બધે ગમે છે એવી એમને ખબર છે. અહીં કહે છે કે બહાર જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે; માટે તું અંદરમાં જા, ને તૃપ્ત થા. ત્યાં તને તૃપ્તિ થશે. તને ત્યાં શાંતિ મળશે અને તને ભવનો અભાવ થશે ભાઈ!

જેમ અગ્નિના ઉંદર બહાર નીકળે તો મરી જાય; તે તેમાં જ મજા માને છે; તેમ અજ્ઞાનીને બહારના રાગ ને દ્વેષમાં ગમે છે; તે અગ્નિના ઉંદર જેવા છે. તે અનાદિથી પોતાની જાતને ભૂલીને પરમાં મજા માને છે એ તો ખરેખર દુઃખ છે. ભાઈ! તું પ્રભુ છો, અંદર મોટું—સર્વોત્કૃષ્ટ—તત્ત્વ છો. તારી પૂર્ણતાનાં વખાણ સર્વજ્ઞની વાણીમાં પણ પૂરાં ન આવે એવું, સર્વજ્ઞ ને સર્વદર્શી, સર્વ-આનંદ, સર્વશાંતિ, સર્વપ્રભુતા, એવા સર્વ ગુણોથી પરિપૂર્ણ તારું સ્વરૂપ છે ભાઈ! પણ એને વિશ્વાસમાં આવવું ભારે કઠણ છે; કેમ કે એની રમત વ્યક્ત પર્યાય ને ઉઘાડ-જ્ઞાનમાં જ છે. પણ આ અંશ કોનો છે? તે અંશ કોના આધારે બદલે છે? અંદર ત્રિકાળ નિત્ય ધ્રુવ તત્ત્વના આધારે બદલે છે. તરંગો પાણીના દળમાંથી ઊઠે છે, તેમ પલટતો અંશ નિત્ય તત્ત્વના—દળના આધારે બદલે છે.

પ્રભુ! તું કેવડો છો? તને તારી મોટપ ને મહિમાની ખબર નથી, કેમ કે પર્યાયના—અંશના, એક ગુણની એક અવસ્થાના—પ્રેમમાં, અંદર આખો ભગવાન છે તેને તું ભૂલી જાય છે. જેમ કરોડપતિનો છોકરો બહારચલો—વ્યભિચારી—થઈ ગયો હોય, તેને તેનો બાપ કહે—ભાઈ! ઘરે આ ભર્યાં ભાણાં મૂકીને—પદમણી જેવી ખાનદાન પત્નીને મૂકીને—તું એઠાં ચાટવા ક્યાં જાય છે? બેટા! હવે તું એ મૂકી દે;

**જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને**
**હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫. –શ્રી પ્રવચનસાર**

એમ અહીં ધર્મપિતા સર્વજ્ઞ ત્રિલોકીનાથ કહે છે—ભાઈ! તારા ચૈતન્યઘરને છોડીને તને રાગાદિનો પ્રેમ ગમે છે, ગોઠે છે, એ તું બહારચલો થઈ ગયો છે પ્રભુ! અંદર ખાનદાન ચીજ અનાદિથી પડી છે તેની સામું જોતો નથી. તેને જરી જો તો ખરો! અંતરમાં જા તો ખરો! તને અંદરથી કોઈ અપૂર્વ તૃપ્તિ થશે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થશે.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)

માન્યતા કર્મને લીધે થઈ નથી. વર્તમાનદશામાં પોતાને પરના અસ્તિત્વમાં માની સ્વરૂપને ભૂલી ગયો છે, માટે ઊલટી દશા થઈ છે. પુણ્ય-પાપ પર્યાયમાં પોતે કરી રહ્યો છે, કોઈએ કરાવેલ નથી. પોતે સહજ આનંદ સ્વભાવવાળો હોવા છતાં પોતાની સંભાળ ન કરતાં પરને પોતાનું માની રહ્યો છે. શરીર, દીકરા, મકાન વગેરે બાહ્ય સંયોગો જીવની પર્યાયમાં આવતા નથી, જીવ માત્ર કલ્પના-રાગ કર્યા કરે છે. પરમાં પોતાને માની સ્વરૂપને ભૂલી રહ્યો છે. તે જ પરિણામ સુલટાવી પોતા તરફ વાળતાં મુક્તદશાને પામે. તે જ પરિણામ એટલે કે પર્યાયમાં જે ઊંધા પરિણામ કરી રહ્યો છો તેને સવળા કર–એમ કહે છે. દ્રવ્ય-ગુણ વળતા નથી, તે તો કૂટસ્થ છે. પણ વર્તમાન પરિણામ પર તરફ વળે છે તેને સ્વભાવ તરફ વાળી શકાય છે. આત્મા અનંતા ગુણોના પિંડસ્વરૂપ છે તેને પોતાનો માનવો ને પરનું વિસ્મરણ કરવું. (કોઈ કરાવે એમ કહ્યું નથી.) આમ જો જીવ કરે તો આત્માની પરમાનંદદશા પ્રગટ થાય.　　(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ)

ક્રિયા વગેરે બહારની દૃષ્ટિથી જોનારને 'આટલું બધું કર્યું' એમ લાગે છે; પણ જ્ઞાની કહે છે કે તેણે કાંઈ જ અપૂર્વ કર્યું નથી, માત્ર બંધભાવ જ કર્યો છે, શરીરની ક્રિયાનો અને શુભરાગનો અહંકાર કર્યો છે. વ્યવહારે કહો તો પુણ્યભાવ કર્યા છે અને પરમાર્થથી તો તેણે અજ્ઞાન જ કર્યું છે રાગ કે વિકલ્પથી આત્માને લાભ માનવો તે મિથ્યાત્વ છે, તેને ભગવાન પાપ કહે છે. એક પ્રકારનો બંધભાવ છોડીને બીજા પ્રકારનો બંધભાવ કર્યો, પરંતુ બંધરહિત જ્ઞાનમૂર્તિ આત્માને ઓળખ્યો નહિ; બંધભાવની દૃષ્ટિ છોડીને અબંધ–આત્મસ્વભાવને જ્યાં સુધી ન ઓળખે ત્યાં સુધી આત્મદૃષ્ટિએ તેણે કાંઈ કર્યું નથી. ખરેખર તે બંધભાવમાં જ ઊભો છે–કેમ કે સર્વ બંધભાવોનું મૂળ એવું મિથ્યાત્વ ટાળ્યું નથી.　　(ક્રમશઃ) ❊

**આરંભમૂર્છાશૂન્યતા,　　ઉપયોગયોગવિશુદ્ધતા,**
**નિરપેક્ષતા પરથી,—જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.　　–શ્રી પ્રવચનસાર**

# ભેદવિજ્ઞાનનો મહિમા

## (૧૦) જ્ઞાન વિકારનું નાશક છે

જ્ઞાનમાં વિકાર જણાય છે તે તો જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ તેવું ખીલ્યું છે–એમ કહીને જ્ઞાન અને વિકાર વચ્ચે ભેદ પાડ્યો છે; તેને બદલે કોઈ એમ માની બેસે કે ‘‘ભલે વિકાર થયા કરે, તે તો જ્ઞાનનું જ્ઞેય છે ને !’’ તો તે જ્ઞાનનું સ્વરૂપ જ સમજ્યો નથી. ભાઈ, જેના પુરુષાર્થનો પ્રવાહ જ્ઞાન પ્રત્યે ઢળ્યો તેના પુરુષાર્થનો પ્રવાહ વિકાર પ્રત્યેથી અટકી ગયો એટલે તેને ક્ષણે ક્ષણે વિકારનો નાશ જ થાય છે. આ રીતે દરેક પર્યાયમાં જ્ઞાનનું વલણ સ્વભાવમાં વળતું જાય છે અને વિકારથી છૂટતું જાય છે. ‘‘વિકાર ભલે થાય’’ એ ભાવના મિથ્યાદૃષ્ટિની જ છે. જ્ઞાની તો જાણે છે કે કોઈ વિકાર મારું સ્વરૂપ જ નથી, તેથી તે જ્ઞાનની જ ભાવના કરે છે અને વિકાર તરફથી તેનો પુરુષાર્થ પાછો ખેંચાઈ ગયો છે. જ્ઞાનની અસ્તિમાં વિકારની નાસ્તિ છે.

પહેલાં રાગાદિ કાંઈ ઓળખાતું ન હતું, અને હવે સૂક્ષ્મ રાગાદિને પણ જ્ઞાન જાણી લે છે તે જ્ઞાનનું સામર્થ્ય ખીલી ગયું છે. સૂક્ષ્મ વિકલ્પને પણ બંધભાવ તરીકે જ્ઞાન જાણી લે છે. ત્યાં રાગનું સામર્થ્ય ન રહ્યું પણ જ્ઞાનનું સામર્થ્ય છે. આવા સ્વાશ્રયજ્ઞાનની ઓળખાણ રુચિ, શ્રદ્ધા અને સ્થિરતા સિવાયના બીજા બધાય ઉપાય આત્મહિત માટે નકામા છે. અહો ! પોતાના પરિપૂર્ણ સ્વાધીન સ્વતત્ત્વના સામર્થ્યની પ્રતીત વગર જીવ પોતાની સ્વાધીનદશા ક્યાંથી લાવશે ? સ્વની પ્રતીતવાળો સ્વમાં ઢળશે અને મુક્તિ પામશે, અને જેને સ્વની પ્રતીત નથી તે વિકારમાં ઢળશે, અને સંસારમાં રખડશે.

જ્ઞાન ચેતનાર છે એટલે કે સદાય ચેતતું–જાગતું રહે છે; જે વૃત્તિ આવે તેને જ્ઞાન પ્રજ્ઞાછીણી વડે તત્ક્ષણ ફડાક છેદી નાખે છે, અને પર્યાયે–પર્યાયે જ્ઞાનનું સામર્થ્ય વધતું જ જાય છે. એકપણ વૃત્તિને કદી પણ મોક્ષમાર્ગ તરીકે જે સ્વીકાર કરતું નથી એવું નિર્મળ ભેદજ્ઞાન, વૃત્તિઓને તોડતું, સ્વરૂપની એકાગ્રતા વધારતું વધારતું, મોક્ષમાર્ગ પૂર્ણ કરીને મોક્ષરૂપે પરિણમી જાય છે. આવા પૂરા જ્ઞાનસ્વભાવસામર્થ્યનું જોર જેને પ્રતીતમાં બેઠું તેને અલ્પકાળમાં મોક્ષ જ છે. મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન જ છે. રાગને જાણીને રાગથી જુદું રહેનાર જ્ઞાન મોક્ષ પામે છે, અને રાગને જાણતાં રાગમાં અટકી જનારું

ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭.　–શ્રી પ્રવચનસાર

જ્ઞાન બંધાય છે. જ્ઞાનીને પ્રજ્ઞાછીણીનું જોર છે કે—આ લાગણીઓ તો ક્ષણે ક્ષણે ચાલી જ જાય છે અને લાગણી રહિત મારું જ્ઞાન વધતું જ જાય છે. અજ્ઞાનીને એમ થાય છે કે—અરે! મારા જ્ઞાનમાં આ લાગણી થઈ, અને લાગણી સાથે મારું જ્ઞાન પણ ચાલ્યું જાય છે. અજ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે અભેદબુદ્ધિ (એકત્વબુદ્ધિ) છે તે મિથ્યાજ્ઞાન છે, જ્ઞાનીએ પ્રજ્ઞાછીણી વડે રાગ અને જ્ઞાનને જુદા ઓળખ્યા છે—તે સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે અને જ્ઞાન જ મોક્ષ છે. જે સમ્યગ્જ્ઞાન સાધકદશાપણે હતું તે જ સમ્યગ્જ્ઞાન વધીને સાધ્યદશારૂપે થાય છે. આ રીતે જ્ઞાન જ સાધક-સાધ્ય છે. આત્માને પોતાના મોક્ષ માટે પોતાના ગુણ સાથે સંબંધ હોય કે પરદ્રવ્યો સાથે હોય? આત્માને પોતાના જ્ઞાન સાથે જ સંબંધ છે, પરદ્રવ્ય સાથે આત્માના મોક્ષનો સંબંધ નથી. આત્મા પરથી તો છૂટો છે જ, પણ અહીં તો વિકારથી પણ છૂટો—એમ અંતરમાં ભેદજ્ઞાન કરાવે છે. વિકારથી આત્માનો ભેદ પાડવો તે જ વિકારના નાશનો ઉપાય છે. રાગની ક્રિયા મારા સ્વભાવમાં નથી એમ સ્વભાવસામર્થ્યનો સમ્યગ્જ્ઞાન વડે સ્વીકાર કર્યો ત્યાં વિકારનો જ્ઞાતા જ થઈ ગયો. જેમ પર્વતમાં વીજળી પડતાં તિરાડ પડી જાય તેમ પ્રજ્ઞારૂપી વીજળી પડતાં સ્વભાવ અને વિકાર વચ્ચે તિરાડ પાડીને જ્ઞાન સ્વમાં વળ્યું, અનાદિથી ઊંધું પરિણમન હતું તે અટકીને હવે સ્વભાવ તરફનું પરિણમન શરૂ થયું. અહો! આમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ છે.

### (૧૧) દ્રવ્યલિંગી સાધુએ શું કર્યું?

રાગ-દ્વેષ વખતે અજ્ઞાનીને જ્ઞાન જુદું નહિ દેખાતું હોવાથી તેણે આત્મા અને બંધ વચ્ચે ભેદ જાણ્યો નથી. આત્મા અને બંધ વચ્ચે ભેદ જાણ્યા વગર દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકે જાય તેવા ચારિત્ર પાળ્યાં અને એવા મંદ કષાય કર્યા કે કોઈ બાળી મૂકે તોય મનમાં ક્રોધ ન કરે, છ—છ માસ આહાર ન કરે, છતાં ભેદજ્ઞાનના અભાવને લીધે તે સંસારમાં જ રખડ્યો. તેણે આત્માના હિતનો કાંઈ ઉપાય કર્યો નથી, માત્ર બંધભાવનો પ્રકાર ફેરવ્યો છે.

પ્રશ્ન :—આટલું બધું કર્યું તો ય કાંઈ નહિ?

ઉત્તર :—આટલું બધું કર્યું એમ જેને લાગે છે તેને મિથ્યાત્વનું જોર છે; શરીરની

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)

**વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઇન્દ્રિયરોધનં,**
**નહિ સ્નાન-દાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં, ૨૦૮. –શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ધર્માત્મા રાગરૂપે નથી પરિણમતા—એટલે શું? તેમને રાગ તો હોય છે.

ઉત્તર :—રાગ હોવા છતાં 'રાગ તે આત્મા છે' એવી બુદ્ધિ તે ધર્માત્માને થતી નથી, એટલે રાગ સાથે આત્માની એકતારૂપે તેઓ પરિણમતા નથી, પણ રાગથી જુદાપણે જ પરિણમે છે, માટે કહ્યું કે ધર્માત્મા રાગરૂપે જરાપણ પરિણમતા નથી.

પ્રશ્ન :—ધર્માત્મા જ્ઞાનરૂપે જ રહે છે. એટલે શું?

ઉત્તર :—ભેદજ્ઞાની ધર્માત્મા સર્વ પ્રસંગે જાણે છે કે 'જ્ઞાનસ્વભાવ જ હું છું' ગમે તેવી પ્રતિકૂળતાથી ઘેરાઈ જાય તોપણ "હું જ્ઞાનસ્વભાવ જ છું" એવી શ્રદ્ધા તેમને છૂટતી નથી.—આ રીતે સર્વ પ્રસંગે પોતાને ચૈતન્યસ્વભાવપણે જ અનુભવતા હોવાથી ધર્માત્મા જ્ઞાનરૂપે જ રહે છે.

પ્રશ્ન :—ધર્માત્મા જ્ઞાનરૂપે જ રહે છે ને રાગરૂપે જરાપણ નથી થતા—એ કોનું બળ છે?

ઉત્તર :—એ ભેદ-વિજ્ઞાનનું જ બળ છે. ભેદ-વિજ્ઞાનની એવી તાકાત છે કે તે જ્ઞાનને જ્ઞાનરૂપે જ રાખે છે તેને જરાપણ વિપરીતતા પમાડતું નથી તેમજ તેમાં રાગાદિભાવોને જરાપણ પ્રવેશવા દેતું નથી પણ જુદા જ રાખે છે, તેથી ભેદવિજ્ઞાની ધર્માત્મા જ્ઞાનરૂપે જ રહે છે ને રાગરૂપે જરા પણ થતા નથી.

પ્રશ્ન :—વિકારભાવોને આત્માથી અન્ય કેમ કહ્યા? જો કે તે આત્મામાં જ થાય છે.

ઉત્તર :—આત્માની અવસ્થામાં જે રાગ-દ્વેષાદિ વિકારીભાવો થાય છે તે કાંઈ રૂપી નથી તેમ જ તે અજીવમાં થતા નથી પણ આત્માની જ અવસ્થામાં થાય છે અને અરૂપી છે, છતાં અહીં દ્રવ્યદૃષ્ટિમાં તેને આત્માથી બીજી વસ્તુ કીધી છે; કેમ કે આત્માના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ તે વિકારભાવ ભિન્ન છે માટે તે અન્ય વસ્તુ છે. તે વિકારભાવો શુદ્ધ આત્માના આશ્રયે થતા નથી પણ જડના લક્ષે થાય છે. ધર્માત્માની દૃષ્ટિ આત્માના શુદ્ધ સ્વભાવ ઉપર છે અને તે સ્વભાવમાંથી વિકારભાવ આવતા નથી તેથી ધર્મી તેનો કર્તા થતો

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—એવી રીતે આત્માર્થીપણું ત્યારે જ સાચું પ્રગટ કહેવાય કે જ્યારે આત્મા, આત્મારૂપે એના જ્ઞાનમાં આવે ?

પૂજ્ય બહેનશ્રી :—આત્માર્થી હોય તેને સાચું સ્વરૂપ જ્ઞાનમાં ગ્રહણ થયા વગર રહેતું જ નથી. તે પ્રથમ વિચારથી, યુક્તિથી, ગુરુની વાણીથી નક્કી કરે, પછી અંદર સ્વભાવને ઓળખીને નક્કી કરે છે.

પ્રશ્ન :—અજ્ઞાનદશામાં જ્ઞાનના વેદનને જો પકડવાનો પ્રયત્ન કરે તો, કાંઈક આકુળતા વગરનો ભાવ છે તેનો ખ્યાલ આવે છે. તેને આટલો ખ્યાલ આવે તેના ઉપરથી મંદમાં મંદ રાગ પણ શું આકુળતારૂપ લાગે ?

પૂજ્ય બહેનશ્રી :—આ બધા વિભાવ આકુળતારૂપ છે. આકુળતા વગરનું જે તત્ત્વ છે તેને શોધવા માટે પ્રયત્ન કરતાં મંદ કષાય થાય છે તે પણ આકુળતારૂપ છે એમ એ નક્કી કરી શકે. પોતે જ છે, કોઈ બીજો નથી. પોતે જ્ઞાનસ્વરૂપ હોવાથી આકુળતા અને જ્ઞાન પોતાના જ વેદનમાં આવે છે, માટે નક્કી કરી શકે છે. ગુરુદેવના પ્રતાપે આ બધું સમજવાનું સહેલું થઈ ગયું છે.

પ્રશ્ન :—સ્વાનુભૂતિમાં નિમિત્ત કોણ હોય ? અને તે પ્રગટ થાય તો ખબર પડે ?

પૂજ્ય બહેનશ્રી :—ગુરુદેવે બધું બતાવ્યું છે. ગુરુદેવનો ઉપદેશ અનુપમ છે. ગુરુના ઉપદેશ વગર સ્વાનુભૂતિ પ્રગટ થતી નથી; તેવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે. માર્ગ અનાદિકાળથી અજાણ્યો છે. તેમાં જો ભગવાનની વાણી મળે અથવા ગુરુની સાક્ષાત્ વાણી મળે તો જ અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય તે કાંઈ છાની રહેતી હશે ? તે પ્રગટ થતાં આખા જીવનનો પલટો થાય છે. અંધકાર અને પ્રકાશ જેમ પ્રતિપક્ષ છે, તેમ જુદું પડે (ભેદજ્ઞાન થાય) ત્યારે ખબર પડ્યા વગર રહે નહિ. સાકરનો સ્વાદ અને ઝેરનો સ્વાદ કાંઈ જુદો પડ્યા વગર રહેતો હશે ? તેમ આખા જીવનનો પલટો થાય તે ખબર પડ્યા વગર રહેતો નથી.

અમૃતચંદ્રાચાર્યદેવ લખે છે કે મારા ગુરુથી જે શુદ્ધાત્માનો અનુગ્રહપૂર્વક ઉપદેશ મળ્યો છે તેનાથી મારો આત્મ-વૈભવ પ્રગટ થયો છે તથા તે વૈભવ નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ – તેની છાપવાળો પ્રચુર સ્વસંવેદન સ્વરૂપ છે. તે

કેવી રીતે પ્રગટ થયો ? મારા ગુરુના શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વકના ઉપદેશથી પ્રગટ થયો છે. મારા ગુરુએ કૃપા કરી ઉપદેશ આપ્યો તેનાથી તે પ્રગટ થયો છે. કુંદકુંદાચાર્યની શી વાત કરીએ ! તેઓ કહે છે કે મારો જ્ઞાનનો વૈભવ પ્રગટ થયો છે તેનાથી હું સમયસાર કહું છું. એવો વૈભવ પ્રગટ થાય તે છાનો રહેતો નથી. અંતરમાંથી આત્મા પ્રગટ થાય તે શું છાનો રહેતો હશે ?

ગુરુદેવે તો વર્ષો સુધી અહીં વાણી વરસાવી છે, ઉપદેશના ધોધ વરસાવ્યા છે. સ્વાનુભૂતિ કોને કહેવાય વગેરે સમજાવ્યું છે. ગુરુદેવે શુદ્ધાત્મતત્ત્વનો અપૂર્વ ઉપદેશ વર્ષો સુધી આપ્યો છે. એ ઉપદેશથી કેટલાય જીવોનાં પરિવર્તન થયાં છે અને આ જ કરવા જેવું છે એમ રુચિનાં પરિવર્તન તો ઘણાનાં થઈ ગયાં છે.

અનંતગુણથી ભરેલો આત્મા પોતે જુદા જુદા સ્વભાવોમાં રમતો, ઝૂલતો, તેમાં કેલી કરતો પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. ભેદજ્ઞાન પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. તે ભેદજ્ઞાન અપૂર્વ છે, અનુપમ છે, તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

નથી, માટે તેને જડ—પુદ્‌ગલપરિણામ કહીને આત્માથી અન્ય વસ્તુ કહેવામાં આવી છે. પણ તે પરિણામ કાંઈ પુદ્‌ગલમાં થતાં નથી તેમ જ કર્મ પણ કરાવતું નથી. આત્માની પર્યાયમાં તે થાય છે, પણ અહીં તે પર્યાયબુદ્ધિ છોડાવીને શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવા માટે તેને આત્માથી અન્ય કહ્યાં છે. ખરેખર અન્ય કોને કહેવાય ? તે જે શુદ્ધ આત્માની દૃષ્ટિ કરે તેને; અજ્ઞાનીને તો વિકાર અને આત્મસ્વભાવની ભિન્નતાનું ભાન નથી, તે તો વિકાર અને આત્મસ્વભાવને એકમેક માનીને વિકારનો કર્તા થાય છે તેથી તેને વિકાર આત્માથી અન્ય ન રહ્યો.

---

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૪મી સમ્યક્‌ત્વજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન**

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીની ૮૪મી સમ્યક્‌ત્વજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિનો મંગલ કાર્યક્રમ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરના ૭૬માં વાર્ષિક મહોત્સવ ફાગણ સુદ–૨ તા. ૧૦–૩–૨૦૧૬ના રોજ સાનંદ સંપન્ન થઈ. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૯–૩–૨૦૧૬ના રોજ શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણીના નિવાસસ્થાને સાંજી ભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના દિવસે સવારે શ્રી સીમંધર જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા બાદ જિનમંદિરમાં વિધાન પૂજનની પૂર્ણાહૂતિ કરવામાં આવી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી મંગલ પત્રિકાનું વાંચન મહોત્સવના સૌજન્યકર્તા શ્રીમતી અનુબેન ડૉ. કાંતિભાઈ શેઠ પરિવાર વતી શ્રી વિજયભાઈ શેઠે ભાવપૂર્ણ શૈલીથી કર્યું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ.

# જીવનનું ધ્યેય

(દશ મિત્રો ભેગા થઈને ચર્ચા કરતા હતા કે આપણા જીવનનું ધ્યેય શું છે ?)

એક મિત્રે કહ્યું : અત્યારે બી.એ ભણું છું ને ખૂબ ખૂબ ભણીને અમેરિકા જવાનું ધ્યેય છે.

બીજા મિત્રે કહ્યું : આપણે તો પરદેશ જવા કરતાં ભારતમાં જ રહીને સ્વદેશની સેવા કરવાનું ધ્યેય છે.

ત્રીજા મિત્રે કહ્યું : અત્યારે રક્ષાનો મોટો પ્રશ્ન છે તેથી આપણે તો લશ્કરમાં સેવા આપીને દુશ્મનના દેશને બતાવી આપવું છે કે ભારતના યુવાનો કેવા બહાદૂર છે!!!

ચોથો મિત્ર : આપણે તો વેપારમાં ઝંપલાવીને એક કરોડ ભેગા કરવાનું ધ્યેય છે.

પાંચમો મિત્ર કહે : આપણે ધન ભેગુ કરવાની કે પરદેશની અભિલાષા નથી, પણ આપણને મળેલું ભણતર બીજા બાળકોને શીખડાવવું તે ધ્યેય છે.

છઠ્ઠો મિત્ર કહે : આપણને તો પરભવની ચિંતા છે, એટલે સારાં સારાં કામો કરીને બીજા ભવે સ્વર્ગમાં જઈએ એવું ધ્યેય છે.

સાતમો મિત્ર કહે : પરભવની કોને ખબર છે ? પરભવની ચિંતા કરી કરીને દૂબળા થવા કરતાં આપણે તો અત્યારે મોજમજાથી જીવવું ને જીંદગીમાં આનંદ ભોગવવો એ ધ્યેય છે.

આઠમો મિત્ર : આપણે તો બસ, ખાધેપીધે સુખી રહીએ ને થઈ શકે એટલી સાધુસંતોની સેવા કરીએ—એ સિવાય જીવનમાં બીજું શું જોઈએ ?

નવમો મિત્ર : દુનિયાના જીવો અત્યારે બહુ દુઃખી છે, તે દુઃખી જીવોની સેવામાં જીવન હોમી દેવું—એવું આપણું ધ્યેય છે.

દશમો મિત્ર : મને તો જીવનમાં એક જ ભાવના છે કે મારા આત્માને પ્રાપ્ત કરું ! આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરીને સાચી શાંતિ પામું ને આ ભવદુઃખોથી છૂટું—એ જ મારા જીવનનું ધ્યેય છે.

દશમા મિત્રની ઉત્તમ વાત બધા મિત્રોએ ઉત્સાહથી સ્વીકારી લીધી. બંધુઓ, સત્સમાગમ અને જૈનધર્મનો આવો ઉત્તમ યોગ પામીને આત્મા પોતાની શાંતિને અનુભવે ને મોક્ષને સાધે એ જ જીવનનું સાચું ધ્યેય છે.

## બાળ વિભાગ

# સનતકુમાર–મુનિએ રોગ કઈ દવાથી મટાડ્યો?

## (ભવરોગનું ઔષધ)

અતિશય રૂપવાળા ચક્રવર્તી સનતકુમારને મુનિદશામાં ભયંકર કોઢનો રોગ થયેલો, ત્યારે એક દેવ વૈદનું રૂપ ધારણ કરીને આવ્યો ને કહ્યું : પ્રભો ! આજ્ઞા આપો તો મારી ઔષધિથી આપનો રોગ એક ક્ષણમાં મટાડી દઉં !

ત્યારે મુનિરાજ કહે છે : હે વત્સ ! આ શરીરનો કોઢ જેનાથી મટી જાય એવી લબ્ધિ તો મારા થૂંકમાંય છે, પણ મને દેહના રોગની ચિંતા નથી, મારે તો મારા આત્માનો આ ભવરોગ મટાડવો છે.....તેનું ઔષધ હોય તો તે રોગ મટાડ !

ત્યારે દેવ કહે છે : પ્રભો ! એ ભવરોગને મટાડનારું રત્નત્રય–ઔષધ તો આપની પાસે છે.

મુનિરાજે રત્નત્રયરૂપ વીતરાગી ઔષધવડે ભવરોગને મટાડ્યો.

આ દૃષ્ટાંતથી શ્રીગુરુ કહે છે કે હે જીવ ! તું દેહની ચિંતા ન કર, આત્માને દુઃખી કરનારો ભવરોગ મટાડવાનો ઉપાય કર. હે જીવ ! જો તું જન્મ-જરા-મરણનો રોગ મટાડવા ચાહતો હો ને અજર-અમર થવા માગતો હો....તો ધર્મરૂપી અમૃતનું પાન કર.

સંસારના વૈદ્ય-દાક્તરોએ ટી.બી., કેન્સર વગેરે રોગોનું ઔષધ શોધ્યું પરંતુ જન્મમરણનો રોગ મટાડવાનું કોઈ ઔષધ તેમની પાસે નથી. તે ભવરોગ મટાડવાનું ઔષધ તો ભગવાન જિનદેવે શોધ્યું છે,–તે ક્યું ઔષધ ? કે રત્નત્રય ધર્મરૂપી રસાયણ તે ભવરોગ મટાડવાનું અમોઘ ઔષધ છે....તેનું સેવન કરો. ધર્મના સેવનથી મોહ-રોગ મટી જશે ને મોક્ષ થશે, શરીર જ નહિ રહે, પછી રોગ કેવો ને જન્મ–મરણ કેવા ? ધર્મ–ઔષધિના સેવનથી તું સિદ્ધપદ પામીને અજર-અમર થઈશ.

---

હે આત્મહિતૈષી પ્રાણી ! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. (કારણ કે આ પુણ્ય અને પાપ) પુદ્‌ગલના પર્યાય છે, ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે, અને ફરીને ઉત્પન્ન થાય છે. પોતાના અંતરમાં નિશ્ચયથી–ખરેખર લાખો વાતોનો સાર આ જ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મ-મરણના દ્વંદ્વરૂપ (રાગ-દ્વેષરૂપ) વિકારી મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો. *(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૪, શ્લોક-૮)*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**
**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૨ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૨મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રીમતી ઈન્દુમતીબેન તથા ભદ્રેશભાઈ રમણિકલાલ દોશી પરિવાર હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ મંગળવાર તા. ૧૯–૪–૨૦૧૫ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

### માનસ્તંભનો ૬૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૬-૪-૨૦૧૬, શનિવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૪મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### જાતિસ્મરણ વાર્ષિક દિન

ચૈત્ર વદ-૮, તા. ૩૦-૪-૨૦૧૬, શનિવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### અક્ષય તૃતીયા

વૈશાખ સુદ-૩ તા. ૯-૫-૨૦૧૬, સોમવારના દિવસે શ્રી આદિનાથ ભગવાનને આહારદાનનો દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૨૭મી સાંવત્સરિક ઉપકાર સ્મૃતિતિથિ (સમાધિતિથિ), વૈશાખ સુદ ૧૪ તા. ૨૦-૪-૨૦૧૬ થી વૈશાખ વદ ૩, તા. ૨૪-૪-૨૦૧૬ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

## (૩૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)

(૧) ચારિત્રનો ક્ષાયકભાવ ક્યા ગુણસ્થાને હોય ? ૧............. થી ૨.................

(૨) પાંચમાંથી સૌથી ઓછાભાવ ક્યા જીવને હોય ? અને તે ક્યા ?
................. અને ...................

(૩) એક સાથે પાંચ ભાવો ક્યા જીવને લાગુ પડે ? ........................

(૪) પંદરમું સ્થાન ક્યું ? ........................

(૫) ઉપશમ સમકિતીને ક્ષપકશ્રેણી હોય ? ........................

(૬) ક્ષાયિક સમકિતીને ઉપશમશ્રેણી હોય ? ........................

(૭) ક્ષપકશ્રેણીવાળા જીવ સ્વર્ગમાં જાય ? ........................

(૮) ઉપશમશ્રેણીવાળા જીવ સ્વર્ગમાં જાય ? ........................

(૯) મનઃપર્યયજ્ઞાન તે ક્યો ભાવ ? ........................

(૧૦) કેવળજ્ઞાન તે ક્યો ભાવ ? ........................

(૧૧) સમ્યગ્દર્શન તે ક્યો ભાવ ? ........................

(૧૨) વીતરાગતા તે ક્યો ભાવ ? ........................

(૧૩) અત્યારે ભરતક્ષેત્રના જીવને ક્યા ક્યા ભાવો હોય ?
૧............... ૨............... ૩................. ને ૪.....................

(૧૪) આઠ કર્મમાંથી ઉદય કેટલામાં હોય ? ........................

(૧૫) આઠ કર્મમાંથી ક્ષય કેટલામાં હોય ? ........................

(૧૬) આઠ કર્મમાંથી ઉપશમ કેટલાનો હોય ? ........................

(૧૭) આઠ કર્મમાંથી ક્ષયોપશમ કેટલાનો હોય ? ........................

(૧૮) અનાદિઅનંત ભાવ ક્યો ? ........................

(૧૯) સાદિ અનંત ભાવ ક્યો ? ........................

(૨૦) અનાદિ સાંત ભાવ ક્યો ?
૧ ....................... ૨ ..................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો માર્ચ-૨૦૧૬ના ઉત્તરો

(૧) (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક, (૫) પારિણામિક

(૨) ક્ષાયિકભાવ

(૩) ઉપશમભાવ

(૪) (૧) ઉદયભાવ, (૨) પારિણામિકભાવ

(૫) ક્ષયોપશમભાવ

(૬) પારિણામિકભાવ

(૭) (૧) ઉદયભાવ, (૨) ક્ષયોપશમભાવ (૩) ઉપશમભાવ

(૮) એકેય નહીં. સંસારીજીવોમાં પાંચેયભાવો હોય છે.

(૯) ઉદયભાવ

(૧૦) ઉદયભાવ

(૧૧) ઉપશમભાવ

(૧૨) (૧) ઉદયભાવ (૨) ક્ષયોપશમભાવ

(૧૩) ઉપશમભાવ

(૧૪) (૧) ઉપશમ, (૨) ક્ષયોપશમ, (૩) ઉદયભાવ (૪) પારિણામિકભાવ

(૧૫) પાંચે ભાવો હોઈ શકે

(૧૬) પાંચે ભાવો હોઈ શકે

(૧૭) પાંચે ભાવો હોઈ શકે

(૧૮) પાંચે ભાવો હોઈ શકે

(૧૯) ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદ ગુણસ્થાન સુધી

(૨૦) તેરમા અને ચૌદમાં ગુણસ્થાને.

## (૩૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) નવ તત્ત્વમાં .................... તત્ત્વ ઉપાદેય છે. (આસ્રવ, પુણ્ય, મોક્ષ)

(૨) લોકાકાશના દરેક પ્રદેશ પર એક એક ..............દ્રવ્ય રહેલ છે. (જીવ, પુદ્ગલ, કાળ)

(૩) મન સહિતના જીવને ................ કહે છે. (સંજ્ઞી, અસંજ્ઞી, વિકલત્રય)

(૪) મલ્લિનાથ ભગવાનનો છદ્મસ્થકાળ ................ નો હતો. (૬ વર્ષ, ૬ દિવસ, ૬ માસ)

(૫) દ્રવ્યના એક ગુણ બીજા ગુણ રૂપે ................. સામાન્ય ગુણના કારણે થતા નથી. (પ્રદેશત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ)

(૬) પહેલા ગુણસ્થાનમાં ................. જ્ઞાન હોઈ શકે છે. (ચાર, બે, ત્રણ)

(૭) રાગ-દ્વેષ એ ................. ગુણની વિકારી પર્યાય છે. (ચારિત્ર, દર્શન, જ્ઞાન)

(૮) વસ્તુના એક ભાગને જાણવાવાળા જ્ઞાનને ................ કહે છે. (પ્રમાણ, નય, નિક્ષેપ)

(૯) પૂજ્ય બહેનશ્રી ચંપાબેને સ્વાધ્યાયમંદિરમાં .............. શાસ્ત્ર બિરાજમાન કરેલ છે. (તત્ત્વાર્થસૂત્ર, સમયસાર, પ્રવચનસાર)

(૧૦) આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ .................. સાગરોપમની છે. (૩૩, ૨૧, ૩૧)

(૧૧) શરીર પરનું મમત્વ છોડી બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગને ............... તપ કહે છે. (વ્યુત્સર્ગ, વિનય, વૈયાવૃત્ય)

(૧૨) ૧૨, ૧૩ અને ૧૪માં ગુણસ્થાનમાં ................ સમ્યક્ત્વ હોય છે. (ક્ષયોપશમ, ઔપશમિક, ક્ષાયિક)

(૧૩) સુધર્માસ્વામી મોક્ષ પધાર્યા ત્યારે ............... ને કેવળજ્ઞાન થયું હતું. (ગૌતમસ્વામી, અકલંકસ્વામી, જમ્બૂસ્વામી)

(૧૪) નરકગતિમાં પર્યાપ્તિ ................... હોય છે. (૪, ૫, ૬)

(૧૫) પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધી .................. લેશ્યા પૈકી કોઈ લેશ્યા હોઈ શકે છે. (૪, ૬, ૩)

(૧૬) ઉમાસ્વામીના ગુરુ .............. આચાર્ય હતા. (પૂજ્યપાદ, કુંદકુંદ, ગુણભદ્ર)

(૧૭) ............... મુનિરાજનો કુષ્ટરોગ એકીભાવ સ્તોત્રથી દૂર થઈ ગયો હતો.
(વાદિરાજ, જિનસેન, ધરસેન)

(૧૮) સમ્યક્પ્રકારે કાય અને કષાયને ક્ષીણ કરવું તેને .............. કહે છે.
(સલ્લેખના, પ્રતિક્રમણ, પ્રૌષધોપવાસ)

(૧૯) આજ્ઞાવિચય એ ................ નો પ્રકાર છે. (ધર્મધ્યાન, શુક્લધ્યાન, રૌદ્રધ્યાન)

(૨૦) સૈધાન્તિક નિયમાનુસાર તીર્થંકર ભગવાનનાં જન્મ ................. માં થાય છે.
(હસ્તિનાપુર, વારાણસી, અયોધ્યા)

# બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ–૨૦૧૬ના ઉત્તર

(૧) વસ્તુનો સ્વભાવ
(૨) બહુપ્રદેશી
(૩) અરહનાથ
(૪) શુભ
(૫) કલ્પાતીત
(૬) વિકલત્રય
(૭) એક
(૮) ચાર
(૯) મોહનીય
(૧૦) ૯ થી ૧૨

(૧૧) રતિ
(૧૨) આકાશ
(૧૩) વિષ્ણુકુમાર
(૧૪) અનર્થદંડવ્રત
(૧૫) તુંગીગિરિ
(૧૬) ૪ થી ૭
(૧૭) નિદાન
(૧૮) જીવ
(૧૯) દશ
(૨૦) યોગ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ તીર્થધામમાં

શ્રી નારણદાસ કરશનજી શાહ પરિવાર, રાણપુર (હાલ સુરેન્દ્રનગર) તથા

શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવી પરિવાર, અમદાવાદ હર્ષોલ્લાસ સહ ઊજવે છે

# શ્રી સમવસરણ મંદિર હીરકજયંતી મહોત્સવ (૭૫મો વાર્ષિક)





શાસનનાયક પરમ ભટ્ટારક તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીના સ્વાનુભૂતિમય વીતરાગશાસનના વર્તમાનકાલીન શાસન ઉદ્ધારક પરમકૃપાળુ પરમોપકારી કહાનગુરુદેવના અભૂતપૂર્વ પ્રભાવના ઉદયે તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રીના સાતિશય જાતિસ્મરણજ્ઞાનના આધારે સુવર્ણપુરીમાં સમવસરણ જિનાલયમાં દેવાધિદેવ સીમંધરસ્વામીની મંગલ પધરામણી થઈ છે. જેમાં પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ રચિત શ્રી સમવસરણ સ્તુતિ ઉત્કીર્ણ કરેલ છે. આ જિનેન્દ્ર ધર્મસભાની મંગલ પ્રતિષ્ઠા તથા શ્રી સીમંધર ભગવાનની મંગલ પધરામણીનો લાભ અમારા પરિવારને મળ્યો હતો. આ આયતનને વૈશાખ વદ-૬, વિ.સં. ૨૦૭૨, તા. ૨૭-૫-૨૦૧૬ના રોજ ૭૫ વર્ષ થતાં હોવાથી તે મંદિરનો મંગલ હીરકજયંતી મહોત્સવ ઊજવવાની અમારા હૃદયમાં ભાવના જાગી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા તીર્થધામ સુવર્ણપુરીમાં આ ઉત્સવને હીરકજયંતીરૂપે તા. ૨૫-૫-૨૦૧૬, બુધવારથી તા. ૨૭-૫-૨૦૧૬, શુક્રવાર ત્રણ દિવસ સુધી ઊજવવામાં આવનાર છે. આ મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં શ્રી સમવસરણ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, વિધવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે મંગલ અનુષ્ઠાન દ્વારા ઊજવવામાં આવશે. આ મંગલ અવસરે સમવસરણ મંદિરમાં લાઈટ એન્ડ સાઉન્ડ શૉની રચના કરવાની ભાવના છે. માટે આ મંગળ મહોત્સવમાં પધારવા માટે સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનોને અમારું આમંત્રણ છે.

પ્રેષક :–
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪

નિમંત્રક
નારણદાસ કરશનજી શાહ પરિવાર, સુરેન્દ્રનગર તથા
ચંદુલાલ શિવલાલ સંઘવી પરિવાર, અમદાવાદના
જય જિનેન્દ્ર
સંપર્ક નં. ૦૮૫૧૧૩૨૩૨૦૩

૩૬

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૬
અંક-૮ ● વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-4-2016
Posted on 1-4-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્માની દુર્લભ વાત

આત્મા જ્ઞાયક છે, વિકારથી રહિત છે, ચિદાનંદ મૂર્તિ છે એ વાત .સુલભ નથી. શેઠાઈ મળવી ને કામ-ભોગ-બંધનની કથા સાંભળવી સુલભ છે. રાજ્યપદ, ચક્રવર્તીપદ દુર્લભ નથી. ઘણા પરિશ્રમથી પામવા યોગ્ય વાત તો આત્માની છે. એ એક જ વાત પ્રશંસનીય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત દુર્લભ છે. જીવે તેનો પુરુષાર્થ કર્યો નથી. પરનું લક્ષ કર્યું છે માટે આત્માની વાત દુર્લભ થઈ પડી છે. જીવને પ્રયોજનભૂત વાતની રુચિ નથી. સમ્યગ્દર્શન કેવી રીતે પ્રાપ્ત થાય તેનું ભાન નથી. આબરૂ, પૈસા વગેરે દુર્લભ નથી. શરીર, મન, વાણીથી આત્મા જુદો છે એવી વાત જેને રુચે તેણે આત્માની વાત સાંભળી કહેવાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org